# જનસંપર્ક અધિકારી,

## પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦


**તા.૦૯/૦૬/૨૦૨૫ સોમવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૭૮૪/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૭ કેસ કરી, ૪૮ વ્યક્તિઓને ઝડપી, ૧૯૪ લીટર દેશી દારૂ, ૧૧૯ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૮૩૩ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૬૨૯ બિયર ટીન, ૦૧ લોડીંગ રીક્ષા, ૦૧ સ્કુટર અને ૦૨ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૧૦ કેસ કરી ૫૦ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧,૩૨,૫૫૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૭૮૫/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૧૧૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ-** **સમાચાર યાદી નં.૭૮૬/૨૦૨૫**

**ક્રાઈમ બ્રાન્ચઃ** રીનેશકુમાર લક્ષ્મણભાઈ મોદી (ઉ.વ.૪૩)(રહે.મુ.પો.- કોદરામ, તા.વડગામ, જી.બનાસકાંઠા) એ તા.૦૮/૦૬/૨૦૨૫ ના રોજ ક્રાઈમ બ્રાન્ચ ખાતે ફરીયાદ નોંધાવી છે કે માહે ફેબ્રુઆરી/૨૦૨૪ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન પ્રહલાદનગર સચીન ટાવર નજીક ટાઈટેનીયમ સીટી સેન્ટર આઠમા માળે આવેલ ઓફીસ ખાતે આરોપી (૧) દક્ષ કૈલાશગીરી ગોસ્વામી (કનક ઈમેગ્રેશનના પ્રોપરાઈટર) અને (૨) ચિરાગ દિનેશભાઈ પ્રજાપતિ નાઓએ ભેગામળી રીનેશકુમારને ન્યુઝીલેન્ડ ખાતે અપાવવાનો વિશ્વાસ આપી, તેમની પાસેથી પ્રોસેસ પેટે રૂપિયા ૧૪,૫૦,૦૦૦/- મેળવી લઈ ખોટી ટીકીટ મોકલી આપી, વર્ક પરમીટ નહી અપાવતા આપેલ પૈસા પરત માંગતા આજદીન સુધી પૈસા પરત નહિ આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી આર.એલ.ઓડેદરા ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૭૮૭/૨૦૨૫**

**ઓઢવઃ** પુજા વા/ઓ નિતેશભાઈ ગનવીર (રહે.ભવાનીનગર ટેકરો, સી.એમ.સી પાસે, ઓઢવ) એ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૭/૦૬/૨૦૨૫ રાતના ૧૦/૩૦ થી તા.૦૮/૦૬/૨૦૨૫ કલાક ૬/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન ઓઢવ અર્બુદાનગર રોડ વિમલ ત્રણ રસ્તા પાસે ન્યુ કમલેશ સોસાયટી ખાતે "ધ્વની જનરલ હોસ્પીટલ" ના પાછળના દરવાજા વાટે અજાણી વ્યક્તિ હોસ્પીટલમાં પ્રવેશ કરી, રોકડ રૂપિયા ૫૦,૦૦૦/- તથા સી.સી.ટી.વી કેમેરાનુ ડી.વી.આર કિમત રૂપિયા ૫,૦૦૦/- ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી ડી.આઈ.પટેલ ચલાવે છે.

**ધાબા ઉપરથી પડી જતા મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૭૮૮/૨૦૨૫**

**વટવા જીઆઇડીસીઃ** વિંઝોલ ગામ ભરવાડવાસની બાજુમા ખુલ્લા ખેતરમાં રહેતા સંદેશભાઇ દિવાનસીંગ ભાભોર (ઉ.વ.૨૮)(મુળ વતન. આગવાડા મોટું ફળીયું દાહોદ) તા.૨૪/૦૫/૨૦૨૫ બપોરના ૨/૧૫ વાગે જીઆઈડીસી વટવા ફેઝ-૦૪, પંચરત્ન એસ્ટેટ, અરીહંત એન્ટરપ્રાઈઝ સામે શેડ બનાવવાનુ કામ ચાલતું હતુ ત્યાં સંદેશભાઇ શેડની અંદર ઓફીસના ધાબા ઉપર પાલખ બાંધી ચણતરનુ કામ કરતા હતા ત્યારે આકસ્મીક રીતે નીચે પડી જતા ગંભીર ઇજાઓ થતા સારવાર અર્થે તેમને સિવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૦૭/૦૬/૨૦૨૫ સાંજના ૬/૩૦ વાગે તેમનું મૃત્યું નિપજ્યું હતું. આ અંગે વટવા જીઆઇડીસી પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એચ.એમ.ડાભી ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી